## ચાલ, કાગળ વાંચીએ..

ચાલ, સાથે બેસી કાગળ વાંચીએ,
વીત્યાં વર્ષોની પળેપળ વાંચીએ.

છે બરડ કાગળ ને ઝાંખા અક્ષરો,
કાળજીથી ખોલીને સળ વાંચીએ.

પત્ર સૌ પીળા પડ્યા તો શું થયું?
તાજે તાજું છાંટી ઝાકળ વાંચીએ.

કેમ તું રહી રહીને અટકી જાય છે?
મન કરી કઠ્ઠણ ને આગળ વાંચીએ.

પત્રના શબ્દો ચહેરાઈ ઝાંખા થયા,
આંખથી લુછી લઈ જળ, વાંચીએ.

લ્યો, ટકી રહી છે હજી થોડી સુવાસ,
શ્વાસમાં ઘુંટીને પીમળ વાંચીએ.

માત્ર આ પત્રો સીલકમાં રહી ગયા,
કંઈ નથી આગળ તો પાછળ વાંચીએ.

--ભગવતીકુમાર શર્મા--
-સુરત-

-‘ગુર્જરી-કલાપી’ ફોન્ટમાં અને ઉંઝા જોડણીમાં-પુનર્લેખન
uttamgajjar@hotmail.com

## હે ઈશ્વર! મારી પાસે બધું છે.

અમુલ્ય રત્ન જેવી બે આંખો છે,
આનંદની બંસરી બજાવી
શકાય એવું મુખ છે,
પૈસાથી ખરીદી ન શકાય
એવી તંદુરસ્તી છે.

## હે ઈશ્વર! મારી પાસે પુરતું છે.

આકાશમાં સુર્ય છે.
માથા પર છાપરું છે.
મારા હાથને કામ મળી રહે છે.
ખાવાપીવાની ખેંચ નથી.
અને મારી આસપાસ,
પ્રેમ કરી શકું એવા માણસો છે.

## હે ઈશ્વર! મારી પાસે પુરતું છે.

–ફીલ બોસ્મન્સ
-‘ગુર્જરી-કલાપી’ ફોન્ટમાં અને ઉંઝા જોડણીમાં-પુનર્લેખનઃ
uttamgajjar@hotmail.com

PDF created with pdfFactory trial version www.pdffactory.com